

તમે શું એમ માનો છો કે આળસુ બનીને પડ્યા રહેવાથી તમને શાંતિ મળશે ? શાંતિ તો તમારા પુરુષાર્થમાં છે—તમારા શાંત બુદ્ધિપૂર્વકનાં ઉચિત કાર્યોમાં છે. કર્તવ્ય વિના શાંતિનો જપ જપનારને તો શાંતિને બદલે અશાંતિ જ મળે છે.

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## * ભયના મૂળમાં હિંસા *

ભય એ હિંસાની જ પ્રતિક્રિયા છે. માણસના મનમાં પડેલી હિંસા અને ક્રૂરતા બહાર ભય જન્માવે છે. જેટલા પ્રમાણમાં હિંસા વધારે એટલા પ્રમાણમાં ભય પણ વધારે. આ ભયની અવસ્થામાં માણસ બરાબર વિચારી શકતો નથી અને વિવેકપૂર્વક જોઈ પણ શકતો નથી. તે વખતે તેનામાં પારાની જેમ ફરતું અસ્થિર તત્ત્વ ક્રિયા કરતું હોય છે.

એક ચોર ચોરી કરવા નીકળ્યો. વજ્ર જેવું એનું પડછંદ શરીર હતું અને એવી જ એના હાથમાં બંદૂક હતી. અંધારાનો આશરો લઈ એ એક હવેલીમાં પેઠો. પણ આ શું ? સામે એક ભયંકર બંદૂકધારી એના સામે તાકીને જ ઊભો છે ! ભયથી એ છળી ગયો. હવે ? ન તો આગળ જવાય ન પાછા ભાગી જવાય. એણે બંદૂકનો ઘોડો દાબી દીધો અને એક મોટા ધડાકા સાથે સામે રહેલા વિશાળ કાચના ચૂરેચૂરા. ચોકિયાતો દોડી આવ્યા. પકડાયેલો ચોર વિચારી રહ્યો : 'શું હું જ કાચમાં આવો વિકરાળ લાગતો હતો ?' ભયમાં માણસ સામે રહેલા પોતાના પ્રતિબિમ્બને પોતે પણ ઓળખી ન શકે.

– ચિત્રભાનુ

વર્ષ ૬ : અંક ૪ : ઑક્ટોબર

# ✻ દ્વારપાળ ✻

મનમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યો:'ભૂલ થતાં પહેલાં સમજણ કેમ નથી આવતી? શાંતિ ચાહું છું છતાં અશાંતિ મારા ચિત્તને કેમ હરી લે છે?'

આ પ્રશ્ન ભક્તના મનમાં ઉદ્‌ભવ્યો, માર્ગદર્શન માટે પૂ. ગુરુદેવના ચરણે એ બેઠો. 'શાંતિ જીવનમાં કેમ નથી આવતી? શાંતિ સમજાય છે, ગમે છે, પણ અનુભવાતી નથી, શા માટે?'

પૂ. ગુરુદેવે સહજ સ્મિતથી કહ્યું:

શાંતિ મેળવવાના બે માર્ગ છે. પહેલા માર્ગમાં માનવી સહુથી જુદો થાય છે, એકલો પડે છે. ખાવામાં, પીવામાં, સૂવામાં, મળવામાં, બોલવામાં, જીવનચર્યામાં સ્વેચ્છાથી સ્વ પર અંકુશ મૂકી સર્વને ત્યજી માત્ર સ્વમાં જ ડૂબકી મારી, સ્વમાં જ મસ્ત રહે છે.

પણ આ માર્ગ બહુ આકરો છે સંસારમાં રહેવા છતાં શાંતિનો આસ્વાદ ચાખતા રહેવું, જીવનના ઝંઝાવાતમાં પણ શાંતિનો દીપક પ્રોજ્વલિત રાખવો, આ માટે જાગૃતિ (awareness) અનિવાર્ય છે. સક્રિય હોવા છતાં અક્રિયની પ્રસન્નતા અનુભવવાની છે.

પ્રત્યેક ક્રિયામાં જાગૃતિ આણવાની. જાગૃતિની જ્યોત એની પ્રવૃત્તિને અજવાળે. કાંઈ પણ બોલતાં પહેલાં, કાર્ય કરતાં પહેલાં વિચાર કરવાનો રહે છે, જે કરવું તે વિચારીને જ કરવું. આત્મ:ને અનુલક્ષીને જ કાર્ય કરવું.

હા, જીવનમાં ઘણીવાર એવું જોવા મળે છે કે તમે વિચારીને કરો પણ તમારી સાથેની વ્યક્તિ અજ્ઞાન કે અણસમજના કારણે વગર વિચાર્યે જ કાર્ય કરે ત્યારે જીવનમાં અશાંતિ આવી જાય; પણ એને છોડીને ચાલ્યા જવાનું નથી. અહીં જ તો તમારી પ્રાપ્તિની કસોટી છે. ભાગી ભાગીને કયાં ભાગશો? ન ગમતી વાતો તો જ્યાં જશો ત્યાં થોડી ઘણી એક યા બીજી રીતે સામે આવવાની જ.

દુનિયાની વાતો કાન ઉપર અથડાય તો અથડાવા દો, પણ એમને તમારા વિચારોના પ્રદેશમાં અને મનમાં લઈ જતા પહેલા વિચારો: 'આ મનમાં લેવા જેવું છે? મારા આત્માને હિતકારી છે? છે તો ભલે આવે, નહિ તો બહારથી જ રવાના કરું.'

દ્વારપાળની જરૂર છે. ઘરમાં પ્રવેશદ્વાર આગળ ઊભા રહીને શું કરો છો? ઘંટી વાગી તો બારણું જરૂર ખોલો, પણ શું બધાને આવવા દો છો? ના. સંસારમાં જે વિવેક દાખવો છો તે વિવેક વાતોમાં અને વિચારોમાં કેમ ન જાળવવો?

મનમાં એક ગળણું રાખો. ગાળ્યા પછી જ સ્વીકારવા લાયકને આવકારો.

એક વાત ન ભૂલશો. દરેક વ્યક્તિ એના રંગાયેલા વિચારોને. રાગદ્વેષને લઇને આવે છે વ્યકિત ખરાબ નથી પણ એના વિચારો રાગદ્વેષથી રંગાયેલા છે.

"તમે ખરાબ છો" એવી વાત સાંભળીને કોઈ માણસ તમને મળવા આવે. એના વિચારો તો સાંભળેલી વાતથી રંગાયેલા છે. હવે એ તો તમને એ દૃષ્ટિથી જ જુએ ને? જ્યાં સુધી તમે એને સિદ્ધ કરી ન આપો કે તમે ખરાબ નથી, પણ સારા જ છો ત્યાં સુધી એ સાચો છે અને એની દૃષ્ટિએ તમે ખરાબ છો.

દરેક વ્યકિત જે વિચારોના ચશ્મા પહેરીને આવે છે તેના એ ચશ્માને ઉતારવાનો પ્રયત્ન કરવો, બને એટલો પુરુષાર્થ કરવો. ન ઉતરે તો પછી આવનાર વ્યકિત ચશ્મા પહેરીને જ વાત કરે છે એ પરિસ્થિતિ સ્વીકારી લેવી.

પછી દુઃખ કયાં? શાંતિ અને સ્વસ્થતા ગુમાવવાનો પ્રશ્ન કયાં?

– કુ. વત્સલા અમીન

✻

# ❋ આંતર વૈભવ ❋

ગતાંકથી ચાલુ ]

આજે દુનિયા આવા ચમત્કાર પાછળ, આવા ધુતારુઓ પાછળ દોડી રહી છે. હાથમાંથી રાખ કાઢે તો બધા જોવા દોડે. અરે ભાઇ ! ધરતીમાં રાખ કયાં ઓછી છે તે હવે અદ્ધરથી રાખ કાઢવાની જરૂર પડી ?

જ્યાં ચમત્કાર પાછળની દોટ છે ત્યાં સમજણ કયાંથી ? ચમત્કાર સમજને જ રોકે છે. ચમત્કાર આવતાં પ્રકાશ, પ્રજ્ઞા અને પુરુષાર્થ ઓછાં થઈ જાય.

ચમત્કાર એ અજ્ઞાનની જ સુધરેલી આવૃત્તિ છે.. ચમત્કાર કરનારો અજ્ઞાની છે કે એની પાછળ દોડનારો ? ઘણીવાર ભણેલા જેટલા અજ્ઞાની બની દોડે છે એટલા તો અભણ પણ નથી દોડતા.

જેણે વિચાર કરવાની શકિત બાજુમાં મૂકી દીધી એ ખલાસ થઈ ગયો.

દુનિયામાં ચમત્કાર જેવું કાંઈ નથી. જે વસ્તુ હોતી નથી તે કદી આવી શકતી નથી, લાવી શકાતી નથી અને જે લાવે છે એણે એને એવી કળાથી કયાંક છુપાવી છે જે તમે જોઈ શકતા નથી. એટલે જ તમે એને દૈવી વસ્તુ કહો છો. અને પછી તો એની પાછળ કલ્પનાની દોર છૂટી જ મૂકો છો.

પ્રજ્ઞાને ચમત્કારથી ખલાસ કરવાની નથી પણ જ્ઞાનથી વધારે વિકસાવવાની છે.

મનની પ્રક્રિયા લોહચુંબક જેવી છે. આત્માની સાક્ષીએ મન વિચાર કરે છે. મન વિચારની જે દિશામાં પડયું તે પ્રમાણે રાગ અને દ્વેષ બંધાયાં.

મનમાં ચાલતા રાગ અને દ્વેષ એ જ લોહચુંબક. રાગ અને દ્વેષ થયા, લોહચુંબક આવ્યું અને વિશ્વમાંથી ઝીણા (કર્મરૂપી) પરમાણુઓને સ્વસંચાલિત રીતે (automatically) ખેંચાવાનું શરૂ થયું. જે પરમાણુઓ ખેંચાઇને અંદર આવ્યાં, આત્માને સ્પર્શ્યા અને આત્મા સાથે બંધાતા ગયા એ કર્મ. કર્મ બીજું કાંઈ નથી. સારા અને ખરાબ વિચાર કરીને વિશ્વમાંથી જે પરમાણુઓ (atoms) આત્માએ પકડ્યા એ કર્મ.

જ્યાં સુધી આ કર્મ ખરે નહિ ત્યાં સુધી આત્મા કર્મમાંથી મુકત બને નહિ, ત્યાં સુધી એની જ અસરમાં આત્મા અને મનને રહેવું પડે. પણ જેવી એની અસર કાયમ માટે નીકળી ગઇ ત્યાં આત્મા સહજ બની ગયો, મૂળ સ્વરૂપને પામી ગયો.

આ કર્મ છે તો જ જન્મ મરણની ઘટમાળ છે.

મનમાં સારા કે ખરાબ જે વિચાર આવે છે, તે એના સજાતીય પરમાણુઓને ખેંચી લાવે છે. સારા વિચારોનું ફળ પુણ્ય છે અને ખરાબ વિચારોનું ફળ પાપ છે. રાગ અને દ્વેષના લોહચુંબક દ્વારા જેવા સજાતીય પરમાણુઓ પકડાય ત્યાં એને અનુરૂપ જન્મ થાય, રૂપ મળે, આયુષ્ય નક્કી થાય, સ્મૃતિ વધે અને સારું કે ખરાબ કરવાની શકિત પ્રાપ્ત થાય.

સારા વિચારો કર્યા હોય, એ વિચારોને સુકૃત્યો દ્વારા આકાર આપ્યો હોય તો સુંદર શરીર મળે, તંદુરસ્ત મન મળે, જ્યાં જાવ ત્યાં આવકાર મળે, જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા મળે.

પણ મનમાં કોઇને મારવાનો વિચાર કર્યો ત્યાં દ્વેષનો જન્મ થયો. આ દ્વેષનું લોહચુંબક પાપનાં પરમાણુઓને સંગ્રહે જ જાય. જ્યાં સુધી દ્વેષ મનને બાળ્યા કરે ત્યાં સુધી એ ખરાબ

પરમાણુઓને ખેંચ્યા જ કરે. આ ખરાબ પરમાણુઓ આત્મા સાથે બંધાતાં જાય તેમ સારા વિચાર કરવાની, સારાં કાર્યો કરવાની આત્મશકિત ધીમે ધીમે ક્ષીણ થતી જાય.

કોઈ પૂછે કે મેં દસ વર્ષ પહેલાં માત્ર દ્વેષ જ નહિ પણ એક વ્યકિતનું ઘણું જ ખરાબ કરી નાખ્યું હતું; છતાં એ પાપનાં પરમાણુઓ મારા ઉપર હજુ અસર કેમ કરતાં નથી? હું તો આરામથી મોજમજાહ કર્યા કરું છું!

આજના તર્કવાદમાં માણસની સામે આ મોટો પ્રશ્ન ઊભો થાય છે. "જો માણસનો ખરાબ વિચાર ખરાબ પરમાણુઓને પકડે તો એ કર્મબંધનથી એવો માણસ તો વહેલો ખલાસ થઈ જવો જોઈએ, દુઃખી દુઃખી થવો જોઈએ. પણ એને બદલે જે પાપ કરે છે, ચોરી કરે છે, જૂઠું બોલે છે, લોકોને ફસાવે છે, જીવતા મારી નાખે છે એ તો દુનિયામાં સન્માન અને સ્થાન ભોગવતો દેખાય છે તેનું શું? શું કર્મરાજાને ત્યાં પણ ન્યાય નથી?" એમ નથી.

મિત્રનું માથું ખૂબ દુઃખતું હોય ત્યારે તમે એને એનેસીનની ગોળી આપો. જેવો એ ગોળી મોઢામાં નાખે એટલે કહો: "હવે તારું માથું ઊતરી જશે." પણ શું તરત જ ઊતરી જાય છે? એ શરીરમાં જઈ પોતાનું કામ શરૂ કરે, ધીમે ધીમે પંદર મિનિટ, પચીસ મિનિટ પછી આખા શરીરમાં પ્રસરે પછી જ માથાના દુઃખાવાને આરામ (relief) મળે. ગોળી લીધી અને સારું થયું એમ નથી.

વાયડી વસ્તુ ખાધી હોય, વાલ ખાધા હોય અને ખાઈને, આરામથી કહે કે જુઓ, મેં વાલ ખાધા, ઉપરથી ઇલાયચી પણ ખાધી, છતાં મારા ઉપર વાલની કોઈ અસર થઈ? ભાઈ! હમણાં અસર નહિ થાય પણ ચાર–છ કલાક જવા દે. ધીમે ધીમે એ જ્યારે તારા શરીરમાં પ્રસરશે, પછી જે વાયુ ઊભો થશે, જે હેરાનગતિ ઊભી થશે તે તું જોજે.

એમ માણસ જે અશુભ કરે છે એની તરત અસર નથી થતી, એને પણ આત્મપ્રદેશની સાથે મળી વિપાકનો સમય પરિપકવ થવા માટે થોડો વખત લાગે છે. પછી જ એનું પરિણામ (result) જણાય છે.

ઘણીવાર આ જન્મમાં કરેલું કર્મ ધીમેધીમે પ્રસરતાં આવતા જન્મમાં એની અસર જણાય છે.

શું સાંજે સૂતા પહેલાં લીધેલી ઊંઘની ગોળી ઊંઘી ગયા પછી વધારે ઊંઘ નથી આપતી?

દરેક કર્મ પોતપોતાની રીતે, પોતાના સ્વભાવ પ્રમાણે વ્યકત થાય છે. ઉદયમાં આવે છે, કોઈને રૂપ મળે તો પૈસો નથી મળતો અને જેને ધનની રાશિ મળે એનાથી રૂપ રિસાઈ જાય છે.

એક યુવાન કરોડપતિને કહેતાં સાંભળેલા, મારે માથે આ ટાલ પડી ગઈ છે, હવે તો whig પહેરી પહેરીને થાકી ગયો. જો કોઈ મારે માથે વાળ ઉગાડે તો એક લાખ રૂપિયા આપી દઉં.

કોઈની પાસે રૂપ છે તો કોઈની પાસે ચાતુર્ય છે; કોઈની પાસે ધન છે તો કોઈની પાસે બુદ્ધિનો વૈભવ છે; કોઈની પાસે શરીરનું સામર્થ્ય છે તો કોઈની પાસે પ્રજ્ઞાની સ્મૃતિ છે.

આ બધું આમ કેમ? શું ભગવાન પક્ષપાતી (partial) છે? કોઈને રૂપસુંદર બનાવે તો કોઈને કદરૂપો? કોઈને ૮૦ વર્ષ બક્ષે તો કોઈને ચાલીસ? કોઈને તવંગર બનાવે તો કોઈને રંક?

જે પક્ષપાત કરે એ ભગવાન હોઈ શકે જ નહિ. ભગવાનને પક્ષપાત કેવો?

આપણે જે કર્યું, આપણે જે વાવ્યું તે જ હવે લણવાનું.

શ્રી લાલબહાદુર શાસ્ત્રીની આયુષ્યની દોરી તૂટી તો રશિયાના વૈજ્ઞાનિકો પણ લંબાવી ન શક્યા, સાંધી ન શક્યા. સંધાવાનું હોય તો સાંધવાનું નિમિત્ત મળી જાય પણ જો તૂટવાનું જ હોય તો ઉત્તમ નિમિત્ત પણ ન મળે. જીવનની યાત્રા જે દિવસે સમાપ્ત થવાની હતી તે જ દિવસે સમાપ્ત થઇ.

આ કર્મવાદ છે, એની સામે ઇશ્વરવાદ પણ છે. એમાં ઈશ્વર જ વિશ્વનો કર્તાભર્તા મનાય છે. પણ માણસ ઘણો ઉસ્તાદ છે. એ ઈશ્વરવાદમાં માને પણ છે અને નથી પણ માનતો.

સ્વાર્થનાં કામ હોય, પોતાથી થાય એવાં સફળતાનાં કામ હોય ત્યારે ભગવાનને યાદ પણ નથી કરતો. પણ જ્યાં મુસીબત આવી, દુઃખ તૂટી પડ્યું ત્યાં ઝટ દઇને ભગવાનને લાવીને વચમાં મૂકી દે.

કોઈ પિતાએ હજી સુધી કંકોત્રીમાં એમ નથી લખ્યું કે અમારા પુત્રનાં લગ્ન ભગવાન કરે છે. ના, ત્યાં તો લખે કે "અમારા ચિરંજીવ છગનનાં લગ્ન અમે પૂનમે નક્કી કર્યાં છે." ભગવાને નહિ. ત્યાં ભગવાનની શી જરૂર? કારણ કે લગ્નોત્સવ છે, શહનાઇઓ વાગવાની છે, મોટાઇ દેખાડવાની છે, વૈભવનું પ્રદર્શન કરવાનું છે, છાતી ફુલાવીને મંડપમાં ફરવાનું છે, 'દીકરાનો બાપ છે ના?'

પણ જ્યારે કોઈ મરી જાય ત્યારે શું લખે? "ભગવાનને ગમ્યું તે ખરું." મરવાની વાત કોણ માથે લે? ન દવા આપનારો લે, ન ઈન્જેકશન આપનારો લે, ન સ્નેહી લે કે ન મિત્ર લે. કોઈ કહેતાં કોઈ ન લે. બધાં એક અવાજે કહે, 'ભગવાનને ગમ્યું તે ખરું.'

જન્મોત્સવમાં, લગ્નમાં, આરંભ સમારંભમાં પોતાનું નામ અને મૃત્યુ થાય ત્યારે કાળોત્રીમાં બિચારા ભગવાનનું નામ!

કેમ ભાઈ? ભગવાનને આવી રીતે વચમાં કેમ લાવો છો? અને તે પણ ખરાબ કામમાં?

મુસીબત આવે, દુઃખ આવે કે આપત્તિ આવે ત્યારે ભગવાન ક્યાં દૂર છે?

પૂછો : "પૈસો કેમ કમાયો?" કહે : "Business Administrationનો special course લીધો હતો, ઘણી હોંશીયારી અને આવડતથી ધંધો કર્યો તો પૈસો આવ્યો." જ્યારે દેવાળું ફૂંકે ત્યારે પૂછો : "દેવાળું કેમ કાઢ્યું?" કહે : "ભગવાને કઢાવ્યું, હું શું કરું?"

ભગવાનને બોલાવે પણ જરૂર પડે ત્યારે જ.

ભગવાનને યાદ કરો જ છો તો શ્રદ્ધાથી એની ઉપાસના નહિ કરો? પણ માણસને ભગવાનમાં શ્રદ્ધા નથી, જરૂર પૂરતો એનો ઉપયોગ જ કરવો છે. એ તો ભગવાનને પણ છેતરી શકે છે.

"Man is a rational animal." માણસ દરેક વસ્તુને બુદ્ધિથી સિદ્ધ કરી આપવા માગે છે. જે કરે તેને બુદ્ધિથી ન્યાય આપે. જ્યાં વ્યર્થ તર્કવાદ છે ત્યાં કર્મવાદ ક્યાંથી?

પણ જો કર્મવાદ સમજાય તો મનમાં બીજો જ પ્રશ્ન ઉદ્ભવે.

જો ગઇ કાલે ભૂલ કરી, ખરાબ સોબતમાં આવીને કે અજ્ઞાનમાં રહીને કોઇને નુકસાન કર્યું, કર્મ બાંધ્યું તો આ જન્મમાં ભોગવવું પડે. પણ "ભોગવવું જ પડે" એમ નથી. પશ્ચાત્તાપ અને તપના બળથી એ કર્મને બાળી પણ શકાય.

કોર્ટમાં કેસ ચાલ્યો અને ગુનેગારને ફાંસીની સજા ફટકારી દેવામાં આવી. પણ એ

શું કોર્ટની છેલ્લી સજા છે? ના, એની ઉપર વડી અદાલત છે. ત્યાં હારી જાય તો એની ઉપર સુપ્રીમ કોર્ટ છે.

એમ ગયા જન્મમાં જે કર્મ બાંધ્યાં એ આત્માની આસપાસ જરૂર બંધાઇ ગયાં. પણ જો એ સુષુપ્ત (dormant) અવસ્થામાં હોય, હજુ એનો ઉદય ન થયો હોય તો તે અવસ્થાને અબાધાકાળ કહેવામાં આવે છે. એવી અવસ્થામાં તમે જો પ્રયત્ન કરો, જાગી જાઓ, પ્રબળ પુરુષાર્થ કરો તો એ પાપનો ઢગલો કદાચ પુણ્યમાં પણ ફેરવી શકાય.

ચીકણા નહિ એવાં કર્મને પુરુષાર્થથી ફેરવીને માનવી જીવન પલટાવી શકે છે.

અમેરિકામાં રોકફેલર (Rockfellar) એક વાર માંદા પડ્યા. શરીરમાં ખૂબ સણકા મારે. નિષ્ણાતોને બોલાવ્યા, દવાઓ કરી, ઇંજેકશનો લીધાં પણ સણકા ઓછા ન થાય. ડૉકટરોનું માનવું હતુ કે ઑપરેશન કરવાથી કદાચ આંખ ગુમાવવાનો વારો આવે.

આશ્વાસન આપવા સહુ આવે પણ દર્દમાં ભાગ કોણ પાડે? એક રાત્રિએ જ્યારે સ્નેહીઓ અને સ્વજનો શાંતિથી ઊંઘી ગયાં હતાં ત્યારે રોકફેલર દર્દથી ખૂબ પીડાતા હતા. એમને વિચાર આવ્યો :

"હું માનતો હતો કે ધનથી દુનિયાને ઝુકાવી શકાય છે, આખા વિશ્વને ચરણે નમાવી શકાય છે, પણ એ જ ધન મારું શારીરિક દુઃખ દૂર નથી કરી શકતું. સણકા મારે છે અને મારું માથું ફાટી જાય છે. હવે શું કરું? સહન થતું નથી.

"જો મારું ધન મને આવા દુઃખમાંથી બચાવી શકતું નથી તો એ ધન પાછળ મારે ઘેલા થઈને શાને મરવું?"

મનમાં સંકલ્પ કર્યો : જો હું સારો થાઉં તો ગરીબો માટે મોટામાં મોટી હૉસ્પિટલ ખોલું. હું ધનપતિ છું એટલે દવાઓ લઈ શકું છું, ઊંઘની ગોળીઓ ખરીદી શકું છું અને થોડા સમય માટે દર્દને વિસરી શકું છું. પણ જેમની પાસે કોઇ જ સાધન નથી એ કેવા તરફડતા હશે?

પ્રાર્થના કરી, અંદર રહેલી આત્મશકિતને જાગૃત કરી, સબળ સંકલ્પ કર્યો અને જીવનમાં પલટો આવ્યો.

અંદરથી સંકલ્પનું ચક્ર ફરે અને આસપાસના વાતાવરણમાં પલટો આવી જાય. સંકલ્પવાળા પુરુષો જ મહાન બન્યા, એ દુનિયામાં અદ્ભુત પલટો લાવી શકયા.

રોકફેલરે સંકલ્પ કર્યો : હું સારો થાઉં અને લોકોની સેવા કરું, લોકો માટે પૈસો ખરચું, સંસ્થાઓ ખોલું.

સવાર પડી અને રોકફેલરે છૂટે હાથે દાન દેવાનું શરૂ કર્યું. એના નામે ચાલતી સંસ્થાઓ આજે વિશ્વવિખ્યાત છે.

ઇચ્છાશક્તિ (will power)થી અશાતાનું કર્મ પલટાઈ ગયું. અશાંતિમાંથી શાંતિમાં આવ્યા.

મનમાં શુભ સંકલ્પનું બીજ વાવો. "મારાથી હવે કોઈ સારું કામ થવાનું છે, એ કામ હું કરીશ જ."

નવી સંકલ્પશકિતથી તમારામાં એવું બળ આવે, એવી તાકાત આવે કે ખરાબ કર્મ ફેંકાઈ જાય અને દુઃખ આપનારું તત્ત્વ સુખમાં પલટાઇ જાય.

અબાધાકાળમાં–કર્મ હજુ ઉદયમાં ન આવ્યું હોય ત્યારે સારા વિચારો, સારા સંકલ્પો સારું વાતાવરણ, સારા મિત્રો મળે તો એ માણસ ખરાબ કર્મને સારાં કરી શકે.

અપંગ અવસ્થામાં પ્રતિકૂળ દશામાં સંકલ્પ બળ કેળવ્યું તો પ્રતિકૂળ કેવું અનુકૂળ બની ગયું તે હેલન કેલરના જીવનમાં જોવા જેવું છે.

સુંદર દૃષ્ટિવાળા, સારા શ્રવણવાળા અને વાચાળોને એમના ગામમાં પણ ઘણા ઓળખતા નથી અને હેલન કેલર (Helen Kellar) જેવી અંધ, બહેરી અને મૂંગી સ્ત્રીને આખી દુનિયા ઓળખે ! જેને મળવામાં સૌ ગૌરવ અનુભવે ! કારણ શું ? પ્રતિકૂળતામાં મનોબળ વડે બીજી શકિતઓને એ બહાર લાવી. આંખ ગઇ એ નિકાચિત કર્મ હતું, ચીકણું કર્મ હતું, એ માટે કંઇ શકય નહોતું પણ એણે પરિશ્રમથી બીજી શકિતઓ ખીલવી. અપંગતા ઉપર વિજય મેળવીને દુનિયાને બતાવી આપ્યું કે આત્મ-શકિતનું સામ્રાજ્ય કેવું પ્રબળ છે !

આત્મશકિતનો ખ્યાલ આવશે પછી 'ભગવાન જ્યાં લઇ જશે ત્યાં જઈશ', 'તકદીરમાં જે લખ્યું હશે તે થશે,' એવા નિર્બળ વાકયો નહિ બોલો. પછી તો પ્રાર્થના કરશો "પ્રભો ! મને તું પ્રકાશ આપ. રસ્તો કાપવાનું કામ મારું છે. મારો રસ્તો જો હું નહિ કાપું તો બીજું કોણ કાપશે ?"

લોકો વિમાનની વાટ જોઈને બેઠા છે. જો નરસિંહ મહેતા માટે વિમાન આવ્યું તો મારે માટે કેમ નહિ ? હું ગમે તેવા ધંધા કરું પણ એકવાર તિલક કરીશ, ધૂન લગાવીશ તો વિમાન જરૂર આવશે.

"એરણકી ચોરી કરે, દિયે સોયકો દાન;
ઉપર ચઢકર દેખતો, કબ આવે વિમાન ?"

એમ વિમાન નહિ આવે. એવા ભ્રમમાં ન પડશો. જીવનના પરમતત્ત્વોને જાણીને તમારે માટે શું શકય છે, શું કરી શકાય તેમ છે તે જાણી લો.

રાજ્ય છોડ્યા પછી ભર્તૃહરી બેઠા બેઠા ગોદડી સીવી રહ્યા હતા, ત્યાં સાંજ પડી ગઈ. સોય દોરામાંથી સરકી ગઇ. ઉંમરને લીધે આંખોનું તેજ ઓછું થઈ ગયું હતું, પ્રકાશ ઓછો હતો, ભર્તૃહરીને સોય પરોવવી હતી. એટલામાં ત્યાંથી લક્ષ્મીદેવી પસાર થતાં હતાં પૂછ્યું : 'ભર્તૃહરી ! આ શું ફાટલી ગોદડી સાંધો છો ? લો, આ નવી રેશમી ગોદડી લઈ લો.' ભર્તૃહરીએ કહ્યું : "મારે તમારી ગોદડી નથી જોઈતી. મારે તો મારી જ ગોદડી સીવવી છે."

લક્ષ્મીદેવીએ ખૂબ આગ્રહ કર્યો પણ ભર્તૃહરી અફર રહ્યા. અંતે થાકીને દેવીએ કહ્યું : "હું ખાલી હાથે કેમ જાઉં ? બોલો તમારે શું જોઇએ છે ? કંઇક તો માગો જ."

"લો, આ સોયમાં દોરો પરોવી આપો !"

"શું કહો છો ? માગી માગીને આ માગ્યું ?"

દેવીએ પૂછ્યું : "તમારે સુખ નથી જોઇતું?"

ભર્તૃહરીએ કહ્યું : "જે ચિત્ત અંતરયામીમાં લાગી ગયું એને ફરી પાછાં સુખ, સાહેબી, ભોગ મળે તો સુખની એષણામાં મન તૃષ્ણામાં લાગી જાય. અંતરયામીમાં લાગેલું મન સુખની એષણામાં લપસે તો ઉપર જનારું મન નીચે આવી જાય. આ ગોદડી ઠીક છે, સીવતાં સીવતાં અંતરયામીમાં હું ડૂબી ગયો છું તો શા માટે સુખની એષણામાં મનને જવા દઉં ? સુખ અને પૈસો આવે છે પણ અંતે અશાંતિ મૂકીને જાય છે. મારે અશાંતિ નથી જોઇતી. મારે આ ફાટેલી ગોદડી મજાની છે. ન એને કોઈ લેવા આવે કે ન એને માટે કોઇને ઇચ્છા થાય; ન એને માટે મારામારી કે ન કોઇ ઝઘડા."

ભલે આ રૂપક કથા છે પણ એની પાછળ વિચાર છે, ચિંતન છે.

પ્રાપ્ત પરિસ્થિતિમાં સુખ અને સંતોષ માની પ્રયત્નથી પ્રારબ્ધને જગાડે તો માણસ જરૂર ઉપર આવી શકે. પરિસ્થિતિને પ્રેરણા બનાવી શકે.

પરિસ્થિતિને પલટાવવાની છે અને એ કામ ઈશ્વરને નથી સોંપવાનું, તમારે કરવાનું છે.

ભગવાન બોલતા હોત તો કહેત કે તને આટલું બધું તો મળ્યું છે. હવે કામ કર. આખો દિવસ ભીખ અને મદદ તું શું માગ્યા કરે છે?

ના, હવે મદદ નહિ, પુરુષાર્થ. હવે સ્ટીમર ગમે તે બંદરે નહિ જાય પણ નિશ્ચિત બંદરે જ જવાની.

કપ્તાનને જાગૃત કરવાનો છે. સાવધાન કપ્તાને plan અને chart સામે રાખવાનાં છે. વિશાળ સમુદ્રના કિનારે કેટલાં બંદરો છે અને કયે કયે બંદરે તારે જવાની શકયતા નથી?

જે કપ્તાનની સામે સરસ chart હોય, એ દિશામાં નૌકાયંત્ર ગોઠવી ધીમે ધીમે એ દિશામાં આગળ વધતો જાય છે. રાત અને દિવસ પથ કપાતો જાય અને બંદર નજીક આવતું જાય.

કર્મવાદ સમજાય પછી દિવસો જાય, વર્ષો જાય અને આત્મા એના ધ્યેય તરફ નજીક અને નજીક આવતો જાય.

એના જીવનમાં નિર્બળતા નહિ સબળતા છે. એના વિચારોમાં નિર્માલ્યતા નહિ, સંકલ્પ-બળનું દર્શન છે. જ્યાં સંકલ્પ છે ત્યાં જ સફળતા છે.

(સંપૂર્ણ)

## પડઘો

જ્યારે તે એમ બોલે: "હું દુનિયામાં કાંઇ જ નથી." ત્યારે ચારે તરફથી પડઘા સંભળાય છે: "તું જ અમારું સર્વસ્વ છે." પણ જ્યારે તે એમ કહે: "હું કાંઈક છું." ત્યારે સંભળાય છે કે "તું કંઇ જ નથી!"

— ચિત્રભાનુ

## ✽ પ્રેમના ટેભા ✽

ભાવનગરના મહારાજા એક સંતના દર્શને ગયા. સંત પાસે એ બેઠા હતા, ત્યારે ઓચિંતી એની નજર સંતના અંગરખા પર ગઈ. ભારે કસબથી એ સીવેલું હતું. એના બખિયા ને ટેભા ભારે કલામય હતા. એને સીવનારો દરજી પાસે જ બેઠો હતો. રાજાએ બહાર નીકળતાં દરજીને પૂછ્યું, 'આ અંગરખું તમે સીવ્યું કે?' દરજીએ હા કહી.

રાજા કહે, 'મને પણ આવું જ સીવી આપો. તમે માંગશો એટલી મજૂરી મળશે, પણ યાદ રાખજો ટેભા તો આવા જ જોઇએ.'

દરજીએ કહ્યું: 'અન્નદાતા આપને માટે કામ કરું અને એમાં ખામી હોય!' અઠવાડિયા પછી ઘણીજ ખંતથી તૈયાર કરેલું સુંદર ટેભાવાળું અંગરખું દરજીએ હાજર કર્યું. રાજાએ જોયું. એ ખુશ થયા. એની કલા પર મુગ્ધ થયા. પણ સંતના અંગરખા જેવા વ્યવસ્થિત ને એકધારા ટેભા એમાં ન હતા.

રાજાએ કહ્યું: 'કામ સારું છે. તમે તમારી કલા બતાવી છે, પણ આ ટેભા પેલા સંતના અંગરખા જેવા તો નથી જ.'

દરજીએ કહ્યું: 'અન્નદાતા! મેં હાથથી, આંખથી, મારી આવડતથી થાય એટલું કામ કર્યું છે. પણ પેલા અંગરખામાં તો આ બધાની સાથે મારો હૃદયનો પ્રેમ પણ કામ કરતો હતો. એટલે હું શું કરું? પ્રેમના ટેભા ફરીફરી ક્યાંથી લાવું?'

— ચિત્રભાનુ

પૂ. ગુરુદેવે તેમના ચોપાટીના ચાતુર્માસ દરમિયાન આંતરવૈભવની વ્યાખ્યાનમાળા રોક્ષીમાં શરૂ કરી હતી. તેના સળંગ આઠ વ્યાખ્યાનો પ્રથમ "આંતરવૈભવ" પુસ્તક રૂપે પ્રકાશિત થયાં છે. આ પુસ્તકની કિંમત ૧–૫૦ છે અને સંસ્થાની ઑફિસ તથા મેઘરાજ પુસ્તક ભંડાર (ગોડીજીની ચાલ પાયધુની)માંથી મળશે.

— તંત્રીઓ

# મધુર મિલન

(નોંધ : લુહાર ચાલના સંઘે દેવકરણ મેન્શનના અગાશીમાં બાંધેલાં પર્યુષણાના વિશાળ મંડપમાં માનવમેદની સમક્ષ પૂ. ગુરુદેવ ચિત્રભાનુએ આપેલું પ્રવચન તા. ૨-૯-૬૯)

ઘરમાં લગ્ન પ્રસંગ આવતાં ઉત્સાહના અતિરેકમાં તમે ઘરને રંગાવો, લગ્નના બે ચાર દિવસ પહેલાં ગીતો ગાવાનાં શરુ કરો, સુંદર લાઈટો ગોઠવો, સર્વત્ર આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જામે. આ તો એક ભવનું લગ્ન છે, જેમાં આનંદના અંતે રોવાનું છે, મળ્યા પછી વિખૂટા પડવાનું છે, હાસ્ય પછી આંસુ સારવાનાં છે. આવા એક લગ્ન માટે કેટલી બધી તૈયારી ?

જેમાં આનંદ પછી અશ્રુ નથી, યોગ પછી વિયોગ નથી એવું લગ્ન મહાપુરુષોએ શોધી કાઢયું.

આનંદઘનજીએ ગાયું : "ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો..."

ભગવાનની સાથે લગ્ન કર્યું.

આ એવો સ્વયંવર છે જેમાં હજાર પરણવા આવે પણ એક જ પરણી શકે. બાકીના નવસો નવ્વાણું તો પાછા જ જાય.

આપણે સહુ ઉમેદવાર જરૂર છીએ પણ સ્વયંવરની શરતો ઘણી આકરી છે. જે એ શરતો પૂરી કરી શકે એ જ ભગવાનનો હાથ ઝાલી શકે.

પહેલાના જમાનામાં કન્યાને પરણવા હજારો રાજકુમારો આવતા. સ્વયંવર રચાતો, રાધાવેદની શરત મુકાતી. ઉપર ફરતી પૂતળીનું પ્રતિબિંબ તેલની કડાઈમાં જોઈ, પૂતળીની જમણી આંખ વીંધે તે જ કન્યાનો હાથ મેળવે. જે રાધાવેદ કરે તે જ કન્યાને પરણી શકે.

હાથમાં હાથ લેવા માટે આકરી શરતો બતાવી. એકાગ્રતા, એકચિત્તતા, દત્ત મન અને વર્ષો સુધી સાધના કરીને ધનુષ્ય અને બાણ ઉપર મેળવેલું પ્રભુત્વ.

આપણે બધા ભગવાન ઋષભદેવના ઉમેદવાર છીએ. કોના હાથમાં પ્રભુનો હાથ આવશે તે ખબર નથી. શું ભગવાન સાથે આ જીવનને જોડવા એવી જ કોઈ સાધના, તન્મયતા, એકાગ્રતા અને તીવ્રતા નહિ જોઈએ ?

બાણ ચલાવવાની ક્રિયા ઘણા જાણે પણ જે એકાગ્ર છે એ જ લક્ષ્યને વીંધી શકે છે, સફળતા પ્રાપ્ત કરે છે. બાણ ચલાવવા માત્રથી રાધા નથી મળતી.

માણસને માત્ર ક્રિયા નથી તારતી. ક્રિયા ગમે એટલી વાર કરો પણ એ ક્રિયામાં એકાગ્રતા ન હોય, તન્મયતા ન હોય તો એ વિક્રિયા બની જાય છે.

પૂજા કરી, શાન્તિ સ્નાત્ર ભણાવ્યું, તપ કર્યું પણ આ બધું શા માટે? કોને માટે ? આ બધું કરવા ખાતર કરવાનું છે કે પ્રભુ સાથે એકરૂપ બનવા, તદ્રૂપ અને તદ્ચિત્ત બનવા ?

કલ્પસૂત્રમાં લખ્યું છે કે જે કલ્પસૂત્રને એકવીસ વાર સાંભળે તે ત્રીજા ભવમાં મોક્ષે જાય. તો જેણે એકવીસ વાર જ નહિ પણ બેતાલીસ વાર સાંભળ્યું તો શું એને ડબલ મોક્ષ મળવાનો ?

ના, એકવીસ વાર કલ્પસૂત્ર સાંભળવાની પણ જરૂર નથી. શાસ્ત્રો તો આગળ વધીને કહે છે કે 'ઇક્કોવિ નમુક્કારો' એક જ વાર નમસ્કાર કરો.

જિનેશ્વર ઋષભદેવને જે એકવાર નમન કરે છે પછી એ નર હોય કે નાર હોય, અભણ હોય કે ભણેલો હોય, વૃદ્ધ હોય કે યુવાન હોય પણ એ તરી જાય છે.

તમે કહેશો કે મેં તો ભગવાનને અનેકવાર વંદન કર્યું છે, છતાં મોક્ષનાં દ્વાર મારે માટે કેમ ખૂલ્યાં નથી.

એકવાર નહિ, અનેકવાર વંદન કર્યાં તેમ છતાં વિશ્વાસ નથી કે જીવની શી ગતિ થાશે?

એક બાજુ શાસ્ત્રો કહે છે કે એકવાર નમન કરનાર તરી જાય છે જ્યારે બીજી બાજુ આટલા નમન પછીય દૃઢ શ્રદ્ધા નથી કે મુક્તિ થશે.

કાં સૂત્રમાં ખામી છે, કાં વંદનામાં ! આપણે આપણામાં ખામી શોધવાની છે. ભૂલ પકડાશે તો જ સૂત્રનો અર્થ જીવનમાં અવતરણ પામશે.

મહાપુરુષોએ કહ્યું : નમન તારે છે પણ કયું નમન ?

એકાગ્રતાવાળું નમન; મન, વચન અને કાયાના અર્પણવાળું નમન, અર્પણ જ નહિ પણ સમર્પણવાળું નમન.

સર્વ સમર્પણ થયું પછી એ કોઇનો ય નથી, પ્રભુને કહે છે : 'હું તમારો જ છું; તન, મન અને ધનથી પ્રભુ તમારો છું.'

વર્ષો પહેલાની વાત છે મુત્સદ્દીગીરીથી દિવાની કરનારને કાને ત્યાગીનો સંદેશો પડ્યો, અંતરને સ્પર્શી ગયો અને વૈરાગ્ય આવ્યો. એ સન્યાસીના કપડાં પહેરી ગુરુ પાસે આવ્યો, કહ્યું : આપનું વચન મને તીરની જેમ લાગી ગયું. હવે હું કુટુંબનો નહિ, પ્રજાનો નહિ પણ આપનો થઈ ગયો છું."

ગુરુએ વિચારપૂર્વક કહ્યું : "તું સાધુ થાય તે સારી વાત છે પણ રાજ્યની આસપાસ દુશ્મનો ઘેરો ઘાલીને બેઠા છે, આવા સમયે રાજ્યને, પ્રજાજનોને તારી જરૂર છે. તારા વિના રાજ્ય કોણ સાચવશે ? જા, પાછો જા. જઈને તારી ફરજ અદા કર."

દિવાને કહ્યું : "ગુરુદેવ, આપની આજ્ઞા હશે તો રાજ્ય સાચવીશ પણ આજથી યશ કે અપજશ, વિજય કે પરાજય જે કાંઈ મળશે તેની સાથે મારે કાંઇ જ લાગેવળગે નહિ."

સંતની આજ્ઞા અનુસાર રાજ્ય સાચવ્યું, પ્રજાજનોના હિતસ્વી બની સુંદર રીતે રાજ્યનું સુકાન સંભાળ્યું.

મનમાં કદી અહંકારનો વિચાર સરખો નથી આવ્યો કે "આ રાજ્ય 'હું' ચલાવું છું." 'હું તો માત્ર ગુરુની આજ્ઞા પ્રમાણે એમનો નોકર બની માત્ર હુકમ જ ઉઠાવી રહ્યો છું."

રોજ માળા કરે, જપ કરે, ભગવાનનું નામ લે અને રાજ્ય સંભાળે. પોતે દિવાન નથી એમ સમજીને જ દિવાનગીરી કરી.

ખૂબ યશ મળ્યો, પ્રજા માન આપવા ભેગી થઇ. પણ દિવાન માન લેવા માટે હાજર ન રહ્યો. ચીઠ્ઠીમાં લખી જણાવ્યું : "હું મંત્રી નહિ, પણ ગુરુના ચરણોમાં સમર્પિત થયેલો સામાન્ય માનવી જ છું. એમના આદેશથી કર્યું છે, મેં કાંઈ કર્યું નથી. યશ ગુરુનો અને અપજશ પણ ગુરુનો."

આનું નામ સમર્પણ, અંતરનું નમન.

જેણે જીવન સમર્પણ કર્યું એ માનપત્ર લેવા ઊભો નથી રહેતો. જે માનપત્ર લેવા ઊભો થાય એ શાસન, વીતરાગ કે આત્મકલ્યાણ માટે કામ નથી કરતો.

જ્યાં સુધી આ વૃત્તિ સમજાય નહિ, ત્યાં સુધી 'એક નમસ્કાર' નહિ સમજાય.

એક જ નમસ્કાર—પણ તે આપણા યશ, નામના વધારવા માટે નહિ પણ જે કરીએ તે શાસન માટે.

સમર્પણ પછી નામનાની ભૂખ કેવી ?

ભૂખ જાગે, નામને માટે કામ થતું હોય તો અંદર પૂછો : "તને આ શું વિચાર આવ્યો? તું યશ, માન લેવા માટે ઊભો થયો? કીર્તિની આવી પડાપડી?"

આજે તો બધે નામની જ પડાપડી છે. નામને લીધે કામ થતું નથી અને થાય છે એ પોલું છે.

જે કાંચન, કામિની, કીર્તિ અને કાયા પાછળ દોડે છે એ ભગવાનથી દૂર જાય છે. આ ચાર કક્કાની પકડમાં આવ્યા પછી એ ભગવાનને પણ પોતાની માંગ પૂરી કરવા માટેનું સાધન જ સમજે છે.

અનાદિકાળથી આ આત્મા જડની સાથે, શરીરની સાથે, ભોગની સાથે જોડાયો છે. જોડાણના કારણે તૃપ્તિ નથી. ભોગ ભોગવતો મરી જાય તો પણ તૃપ્તિ થતી નથી.

પ્રભુનો માર્ગ એ જ તૃપ્તિનો માર્ગ છે. હવે નવું જીવન જીવવાનું છે. એ જીવવા માટે સુંદર, શ્રેષ્ઠ, અપૂર્વ અવસર મળ્યો છે. અવસર ચૂકયો તો માનવી ગયો.

આહાર, નિદ્રા, મૈથુન અને પરિગ્રહ બીજા જન્મમાં શકય છે. પશુથી માંડી દેવ સુધી બધા જીવો આ ચારને માટે જીવતા હોય છે.

પણ સાધના કરવા, પરમતત્ત્વની સાથે ચૈતન્યને જોડવા આ એક જ જન્મ છે, મનુષ્ય જન્મ.

આ જન્મ જો મારામારીમાં, સંપ્રદાયો અને પંથોના ખેંચતાણમાં, સંચય કરવામાં પૂરો થઇ જાય તો આપણી પાસે શું રહેવાનું?

જીવનની પળેપળ ઉપયોગી છે. એ પળ ખોટી રીતે ખરચાઇ ન જાય, વેડફાઈ ન જાય તે જોતા રહેજો.

રાજકુમાર, નગરશેઠનો દીકરો અને મંત્રીપુત્ર આવડતની કસોટી કરવા નીકળી પડ્યા. નગરશેઠનો દીકરો ઉદ્યમી અને શ્રમશીલ હતો. એક ગામમાં વેપારીને ત્યાં ખૂબ ઘરાકી જોતાં એ મદદે લાગ્યો. સાંજે છૂટા પડતાં વેપારીએ એને અને એના બે મિત્રોને જમવા બોલાવ્યા અને આખો દિવસ શ્રમ કર્યાના પચીસ રૂપિયા આપ્યા.

મંત્રીપુત્ર બુદ્ધિવાન હતો. આગળ વધતાં એ રાજસભામાં ગયો. ત્યાં એક બાળક માટે બે સ્ત્રીઓ 'મા'નો હક પુરવાર કરવા આવી હતી. રાજા ન્યાય ન કરી શકયો. બાળક સંપત્તિવાન હતો. આ મંત્રીપુત્રે કહ્યું : બાળકને સુવાડો અને તલવારથી બે સરખા ભાગ કરી, બન્નેને વહેંચી દો. સાચી મા, જેના અંતરમાં બાળક પ્રત્યે સ્નેહ હતો એ બોલી ઊઠી; 'મારે મારો દીકરો નથી જોઇતો, ભલે એ લઈ જાય.' એને દીકરો લેવો હતો પણ મારીને નહિ.

મંત્રીના ન્યાયથી રાજા મુગ્ધ થયો અને એને હજાર રૂપિયા આપી, જમાડીને વિદાય કર્યો.

આગળ જતાં આ ત્રણે એક નગરમાં પ્રવેશ કર્યો. ગાદીવારસ ન હોવાથી હાથીએ સૂંઢમાં રાખેલી માળા રાજકુમારને ગળે નાખી, એનો રાજ્યાભિષેક થયો.

શ્રમ કર્યો તો પચીસ મળ્યા, બુદ્ધિ લડાવી તો હજાર મળ્યા; પણ જેનું પુણ્ય હતું એણે તો રાજ્ય મેળવ્યું.

રાજ્ય પુણ્યથી મળ્યું પણ કોને મળ્યું? માનવને, પશુને નહિ. જે રાજ્ય માનવને મળ્યું એ માનવજન્મ કેટલા પુણ્યથી મળ્યો એનો તો વિચાર કરો?

જે પુણ્યથી રાજ્ય મળ્યું એના કરતાં કેટલા પુણ્યના રાશિ ભેગા થાય ત્યારે વિવેકભર્યું માનવ જીવન મળે! રાજ્ય તો મળે અને ચાલ્યું ય

જાય પણ આ માનવ જન્મમાં જે ભાથું બાંધીએ, જે ઉત્પાદન કરીએ એ એક ભવ નહિ, ભવોભવ સાથે આવે.

પણ મનુષ્ય જન્મની કિંમત કોઈ સમજતું નથી. સવારના ઊઠયો, દોડાદોડ કરી, રાગદ્વેષ કર્યો, કામના કરી, સાંજે આવ્યો, થાકયો અને ઊંઘી ગયો. સવારના ઊઠે ત્યારે એ જ થાક, એ જ ઉદાસીનતા.

માણસોનાં જીવન એવાં કે ઊંઘમાં પણ શાંતિ નથી. સ્વપ્નામાં પણ રાગદ્વેષ તો ચાલુ જ છે.

સ્વપ્નામાં રોજ શયતાન દેખાય પણ એકવાર ભાગ્યયોગે ભગવાનનાં દર્શન થાય તો દોડતો દોડતો મહારાજશ્રીને કહેવા આવે.

એકવાર ભગવાનનાં દર્શન થયાં, રોજ કેમ થતાં નથી?

પણ જેણે આખું વર્ષ એવું જ ભરીભરીને બગાડ્યું છે એનું સરવૈયું છેલ્લે એવું જ આવે ને?

બધાને છેતરી શકે પણ એ મૃત્યુને છેતરી શકતો નથી. મૃત્યુ આવે અને મુખ ઉપર આભા દેખાય એ સુંદર જીવન જીવ્યાની નિશાની છે. મુખ ઉપર ભય દેખાય એ કલુષિત જિંદગીનું પ્રતિબિંબ છે. એને તો મૃત્યુનો વિચાર પણ થથરાવી મારે.

બાકી મૃત્યુ જેવી કોઈ સારી વાત નથી. ઊંઘ ન આવે અને માણસ ગોળી લે. મૃત્યુ એ ઊંઘની મોટી આવૃત્તિ છે. મરી ગયા પછી કોઈ ગમે તે કહે, શું લાગે વળગે?

મૃત્યુ થયું, આખી સ્લેટ સાફ થઇ ગઈ. આ થીંગડાવાળું શરીર, એને મૃત્યુ જ સાંધી શકે. એક ઝાટકો લાગે અને નવો જન્મ લે.

અહીં ઘરડાને કોઇ બોલાવે નહિ! ઘરના પણ કહે: "જાત્રાએ જાઓ." લાંબી જાત્રાએ જાય તો ઘરવાળાને પણ નિરાંત.

નકામા (unwanted)ને મૃત્યુ કામના (wanted) બનાવે. જેને કોઇ સૂંઘતું નહોતું એને હવે સહુ રમાડે; ઘરમાં બાબો આવતાં સહુ કૂદાકૂદ કરે.

આ મૃત્યુથી ડરવું શા માટે? માનવીનું જીવન, એનાં કૃત્યો, એની વૃત્તિઓ, એને ડરાવે છે.

દુનિયાની સામે પડદો નાખી શકાય, પણ આત્માની સામે નહિ! આત્માની સામે મનમાં ચાલતા ભાવોને કયો વણકર ઢાંકી શકયો છે?

૧૯૪૧ માં સ્વાતંત્ર્યની ચળવળમાં ભાગ લેતાં અમે પકડાઇ ગયા. જેલમાં લઇ જવા ટ્રકમાં બેસાડ્યા. જેલનું મુખ્ય દ્વાર આવતાં અમને ઉતાર્યા અને અંદર જવા કહ્યું. એ જ વખતે પોલિસ હાથકડી પહેરાવીને એક ચોરને ખેંચી લાવતી હતી. અમને અંદર જવા કહ્યું તો અમે તો શાંતિથી અંદર ગયા, પણ પેલો ચોર જવા માટે આનાકાની કરતો હતો. એને ઘસડીને અંદર લાવ્યા.

અમને ખબર હતી કે અંદર ગયા પછી A grade (અ વર્ગમાં) મૂકશે, ખાવા રોટલા આપશે, જે દિવસ રોટલા ખૂટશે તે દિવસે કાઢી મૂકશે. જ્યારે પેલા ચોરને તો સખત કેદની સજા થવાની હતી.

જેલમાં દાખલ થતી વખતે અમને આઝાદી માટે ત્યાગ કર્યાનો, દેશ ખાતર જીવન સમર્પિત કર્યાનો આનંદ હતો. પેલાને ચોરી કર્યાના શરમના શેરડા હતા. અમારો આત્મા નિર્ભય હતો, તેનો ભયભીત હતો. જેલનો દરવાજો નહિ, પણ કરેલું કૃત્ય માનવીને ડરાવે છે.

સારા રહેવાનું દુનિયા કે સમાજ માટે નહિ, પોતાને માટે. દુનિયા ઉપર બહુ મદાર બાંધશો નહિ.

"હાથી મુખસે દાનો નીકલે,
કીડી કુટુમ્બ સબ ખાવે."

આજે આપણે મૂઠીભર ખાંડથી રાજી થનારી દુનિયામાં આવ્યા છીએ. મૂઠીભર ખાંડ નાખશો અને કીડીઓ દોડી આવશે. દુનિયાને રાજી કરવી બહુ સહેલી વાત છે. પૈસો વેરો અને વાહવાહ મળે, માન અને સ્થાન મળે. પણ એનાથી અંદર બેઠેલો રાજી થાય છે ?

ઊંઘી ગયેલા માનવીને અંદરનો જગાડી દે છે.

શાંત પળોમાં બોલી ઊઠશે : "દોસ્ત ! તું દુનિયાને રમાડી શકશે, મને નહિ. બધાય ને રાજી કરી શકશે, મને નહિ. હું બધું જાણું છું."

અંદરનો જે બધું જાણે છે એને રાજી કરવામાં જ જીવનની મહત્તા છે.

મહાપુરુષોએ કહ્યું :"તું એકને જ રાજી કર, સૌ રાજી થઇ જશે."

બીરબલ મંત્રી થયો તે પહેલાંની વાત છે. અકબર બાદશાહ એના ઉપર ખૂશ થયો અને કહ્યું : તું જે માગે તે આપવા તૈયાર છું" બીરબલે કહ્યુ : "મારે કાંઈ જોઇતું નથી. ફક્ત આપ રાજસભામાં પ્રવેશ કરો ત્યારે મારા ખભા પર હાથ મૂકીને પગથિયું ચઢો."

બાદશાહને થયું કે આણે માગી માગીને શું માગ્યું ? પૈસો નહિ, રાજ્ય નહિ, હોદ્દો પણ નહિ; માત્ર ખભે હાથ મૂકવાનો.

ગામમાં આ વાત પ્રસરી ગઇ. બધાને થયું કે બીરબલ બાદશાહનો અંગત માણસ લાગે છે. હવે બાદશાહ પાસે જવાની જરૂર નથી. બીરબલ દ્વારા આપણું કામ થઈ જશે.

હું એમ નથી કહેતો કે મિનિસ્ટરની ભાઇબંધી કરો. ભાઇબંધી કરો તો રાજાનો રાજા એવા આત્મા સાથે કરો. એ રાજી થાય તો બેડો પાર ઉતરી જાય. એને રાજી કરવાનો છે, એને એકને જ રાજી કરવાનો છે.

જે કરો તે આત્માને પૂછીને કરો, આત્માની સંમતિ હોય તો જ કામ કરો. કીર્તિ પાછળ, ભોગ પાછળ હજારો જન્મ વેડફી નાખ્યા. હવે એક જન્મ માત્ર આ એક જન્મ આત્મા ખાતર અર્પી દો, અહીં વ્યાખ્યાનમાં બધું સારું લાગે, સાચું પણ લાગે પણ દુનિયાની પક્કડ (grip) બહુ જબરી છે. કીર્તિ, નામના, વાહવાહ સાધુને પણ છોડે ખરી ? આત્માની વાત કરવી જુદી વાત છે, એનો અનુભવ કરવો જુદી વાત છે. આત્માની વાત નહિ, અનુભવ કરવાનો છે. જ્યાં સુધી આત્માની અનુભૂતિ ન થાય ત્યાં સુધી ક્રિયા જરૂર કરો પણ ક્રિયા અનુભૂતિ માટે છે એ ન ભૂલશો. જ્યાં અનુભવ થયો પછી બધું છૂટી જાય.

ભગવાન મહાવીરને સિદ્ધ થયા પછી પડિકમણાં નથી કરવા પડતાં. જે મેળવવાનું હતુ તે મેળવ્યું પછી કરવાનું બધું છૂટી ગયું.

ફૂલ ખીલે છે ફળ માટે. ફળ આવ્યું એટલે પાંખડીઓ પડી જાય, ખરી જ જાય.

જીવનની સાધના નિર્મળતા માટે છે; આત્માપણું પ્રાપ્ત કરવા માટે છે. આત્માની સાથે ઐક્યતા સાધી પછી બધી ક્રિયા ખરી પડે છે.

ભગવાનને સ્વામી બનાવવા માટે, ભગવાનની સાથે લગ્ન કરવા આપણે સહુ નીકળ્યા છીએ; કોણ સફળ થશે, કોણ ભગવાનની સાથે તલ્લીન બનશે એ તો જ્ઞાની જાણે. જ્ઞાનીની નજરમાં ભગવાનનો હાથ પકડવાનો છે.

પર્યુષણ પર્વ એ લગ્નની તૈયારી છે. ઘણાં લગ્ન કર્યાં હવે પ્રભુની સાથે લગ્ન કરવાનાં છે. પર્વના દિવસો પરમતત્ત્વને મળવા માટેની તૈયારી છે.


નિર્મળ થવું એ જ લગ્નની તૈયારી છે. રાગદ્વેષ વિહોણા બની વીતરાગ સાથે મળવું એ જ તો મધુમિલન છે !

❋

## સમાચાર સાર

ચેમ્બૂરની પાસે આધુનિક યંત્રોથી તૈયાર થતા દેવનાર કતલખાનાએ જૈનો અને જૈનેતરોના મનમાં અનેક જાતની ભીતિઓ ઉત્પન્ન કરી છે. પૂ. ગુરુદેવના નેતૃત્વ નીચે એક પ્રતિનિધિમંડળ મુંબઇ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ઓફિસમાં મુંબઈના મેયર શ્રી જમિયત-રામભાઈ જોશીને તા. ૨-૯-૬૯ મંગળવારે બપોરે સાડાત્રણ વાગે મળ્યું હતું. પૂ. ગુરુદેવે પોતાના મનમાં ઊભું થયેલું દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું : "અહિંસા એ આપણા દેશનો મુખ્ય સિદ્ધાંત છે. મૂંગાં અને નિર્દોષ પ્રાણીઓની હત્યા એ આ પવિત્ર સિદ્ધાંતના ભંગ સમાન છે. પણ કમનસીબે માંસાહાર દિનપ્રતિદિન વધતો જાય છે, માંસ ખાનારાઓનો પ્રચાર વધતો જાય છે. અહિંસાનો પ્રચાર ઘટ્યો છે, ત્યાં યાંત્રિકરણ દ્વારા થોકબંધ રીતે હજારો પ્રાણીઓની હત્યા થતાં અહિંસાને વરેલા અમારા સૌની લાગણી દુભાય એ સ્વાભાવિક છે. અહિંસા એ મારા જીવનનો મુખ્ય મંત્ર છે અને આપણા દેશમાં થઇ રહેલી હિંસા બંધ થવી જ જોઇએ. હું સહિષ્ણુતામાં માનું છું અને એટલે જ હિંસક આંદોલનો શરૂ કરવાનો રાહ મને ખપતો નથી. યંત્રોથી મૂંગાં પ્રાણીઓની કતલ શરૂ થતાં એનું પ્રમાણ વધ્યે જ જશે અને તે ક્યાં જઇને અટકશે? માટે યાંત્રિક કતલખાનું ન થવું જોઇએ અને હિંસા અટકવી જોઇએ. ● મેયર શ્રી જમિયતરામભાઈ જોશીએ શાંતિ-પૂર્વક સાંભળીને પ્રતિનિધિ મંડળને જણાવ્યું : "વ્યક્તિ-ગત રીતે મૂંગા પ્રાણીઓની કતલ થાય તેનો હું પણ વિરોધી છું પરંતુ બીજા લોકોની લાગણીને પણ આપણે સમજવી જોઇએ. દેવનાર કતલખાનાનો મુખ્ય હેતુ લોકોનું આરોગ્ય જળવાય અને દવામાં તેમજ બીજાં કાર્યોમાં વપરાતી તેની આડપેદાશનો યોગ્ય રીતે ઉપયોગ થાય અને ક્રૂર અને નિર્દય રીતે પ્રાણીઓની હત્યા થતી અટકે એ છે. સ્થાનિક લોકોની જરૂરિયાતને પહોંચી વળવા સિવાય આમાં નિકાસ કે કોઈ વ્યાપારી હેતુ નથીજ અને સરકારી ક્વોટા સિવાય વધારે ઉત્પાદન કરવાનો કે જરૂરિયાત કરતાં વધારે પ્રાણીઓની કતલ કરવાનો કોઈ ઈરાદો નથી તેની હું સંપૂર્ણ ખાત્રી આપું છું. પ્રતિનિધિમંડળમાં પૂ. ગુરુદેવ, પૂ. બળભદ્રસાગર તથા સર્વશ્રી રતિલાલ નાણાવટી, કાંતિલાલ ઈશ્વરલાલ, જીવ-રાજ ભાણજી, ચુનીલાલ કેશવજી, નવીનચંદ્ર કંપાણી, પ્રતાપસિંહ શૂરજી વલ્લભદાસ, સદા જીવતલાલ, બચુભાઈ ડેસવાલા, મુક્તિલાલ વીરવાડીઆ, ભગવાનદાસ શાહ, ચંદુભાઈ શાહ, જે. આર. શાહ, જે. એમ. શાહ તથા કુ. વત્સલાબેન અમીનનો સમાવેશ થતો હતો.

### પૂ. ગુરુદેવ અને ગવર્નર ડૉ. ચેરિયન



તા. ૪-૯-૬૯ બપોરે પાંચ વાગે વાલકેશ્વરમાં આવેલ ડિવાઇન નૉલેજ સોસાયટીની ઑફિસમાં મહારાષ્ટ્રના ગવર્નર ડૉ. ચેરિયન પૂ. ગુરુદેવને મળવા આવ્યા હતા.

નિશ્ચિત સમયે ડૉ. ચેરિયન આવતાં ડિવાઇન નૉલેજ સોસાયટી વતી શ્રી સી. ટી. શાહ, કુ. વત્સલાબહેન અમીન અને કુ. પ્રમોદા પી. શાહ તરફથી અને કોટ શાંતિનાથ જૈન સંઘ તરફથી શ્રી ચુનીલાલભાઈ કેશવજી તથા શ્રી નવીનચંદ્ર કંપાણીએ એમનું સ્વાગત કર્યું હતું.

પૂ. ગુરુદેવ સાથે એકાંતમાં એક કલાક સુધી વાતો કરતાં પૂ. ગુરુદેવે માનવસેવા ઉપર વધુ પ્રકાશ પાથર્યો. આજકાલ ઘણા લોકોને કીડનીની ફરિયાદ છે તો તેવા દરદીઓને રાહત આપનારાં મશીનો કેવી રીતે વધુ પ્રમાણમાં લાવવાં એ અંગે પણ પણ વિચારણા થઇ.

અંતે પૂ. ગુરુદેવના ચરણોમાં માથું નમાવતાં ગવર્નરને આશીર્વાદ આપતાં પૂ. ગુરુદેવે કહ્યું : "આત્માનું દર્શન થતાં જાગેલી માનવસેવા એ જ સાચી સેવા છે. અંતરને, મનને વિશાળ કરી સહુને સમાવો. ભેદભાવ વિના કરેલી સહજ સેવા અંતરને શાંતિ આપે છે."

વિદાય વેળાએ ક્વીન્સ વ્યૂના ભાઈઓએ ગવર્નરનું હારતોરાથી બહુમાન કર્યું હતું. ●

તું મને ન સ્વીકારે એ જ યોગ્ય છે. 'પાવન બનીશ તો સ્વીકારશે'—આ પવિત્ર આશાએ પણ મને પાવન બનવાની તક મળશે. અને પાવન બનીશ એટલે તારામાં ને મારામાં પછી અંતર રહેશે ખરું?

"સોરભ"

It is in the fitness of things that thou shouldst not accept me, as sueh. Surely thou wouldst accept me, if hallowed I returned ! with this benign hope looming large before me, I may at least gain an opportunity for self-purification. And once this consecration is accomplished, where shall exist this endless rift between thee and me ?

'from : **Lotus Bloom**'
by : Chitrabhanu


With Best Compliments from

**Lion Pencils Pvt. Ltd.**

Barar House
Abdul Rehman Street
ombay-3.

**Chatons Pvt. Ltd.**

237/239
Abdul Rehman Street
Bombay-3.

# ※ પર્યુષણ પર્વ ※

પર્વાધિરાજ પર્યુષણ પર્વના દિવસો નજીક આવતા ગયા અને ભક્તોનો હૃદયોલ્લાસ વધતો જ ગયો. ભાવિકોનાં હૃદયો શુદ્ધ અને સરળ ભાવનાઓથી ઊભરાવા લાગ્યાં.

“હું મારા અંતરને કષાયોથી મુક્ત કરી નિર્મળ કેમ ન બનું? પરિગ્રહના ભારમાંથી મુક્ત બની હળવો કેમ ન બનું? પવિત્રતામય વાતાવરણમાં રહીને પ્રભુની નજીક કેમ ન આવું?”

ભાવનાઓ ભાવાતી ગઈ, બાહ્ય કરતાં આંતરિક શુદ્ધિ માટેની ઉત્કંઠા વધતી ગઈ, પર્યુષણ પર્વ તા. ૮-૯-૬૯ સોમવારથી શરૂ થયાં.

પૂ. ગુરુદેવના પ્રવચનનો લાભ લેવા શ્રોતાવર્ગ ઊમટ્યો. કલ્પસૂત્રમાંથી ચોવીસ તીર્થંકરોનાં જીવનની સાધના અને એમના જીવનની વિશિષ્ટતાનું વાચન શરૂ થયું.

શનિવાર તા. ૧૩-૯-૬૯ આવ્યો. ગણધરવાદ સાંભળવાનો ઉલ્લાસ બમણો થયો. બપોરે અઢી વાગે પ્રવચનનો પ્રારંભ હોવા છતાં અગિયાર વાગ્યાથી માનવપ્રવાહ શરૂ થયો. કોટ શાંતિનાથ જૈન ઉપાશ્રય વિશાળ હોવા છતાં ઉપાશ્રયના ત્રણે માળ તથા બાજુમાં આવેલી બઝારગેઇટ સ્કૂલના બધા માળ ઉપર લાઉડસ્પીકરની ખાસ ગોઠવણ કરવા છતાં દોઢ વાગ્યા પછી તો અંદર પગ મૂકવાની પણ જગ્યા ન રહી.

ઉપરના માળ ઉપર જ્યાં માત્ર પૂ. ગુરુદેવની પવિત્ર વાણીનો જ લાભ લઈ શકાય એમ હતો ત્યાં પૂ. ગુરુદેવના દર્શનાર્થે પૂ. શ્રીનો ફોટો મૂકવામાં આવ્યો.

પણ અંતે કોટ શાંતિનાથ જૈન સંઘના ટ્રસ્ટીઓએ હાથ જોડીને શ્રોતાજનોને સાંકડેમાંકડે, શારીરિક અગવડતા વેઠીને પણ બને તેટલાને સમાવવા માટે વિનંતિ કરી છતાં અનેકને દાદરા ઉપર ઊભા રહેવાની પગભર જગ્યા ન મળતાં નિરાશ થઈને ચાલ્યા જવું પડ્યું.

‘ગણધરવાદ’ એટલે વિદ્વાનોના મનમાં ઊભા થયેલા તત્ત્વજ્ઞાન અંગેના પ્રશ્નો અને પ્રભુ મહાવીરના અંતસ્પર્શી પ્રત્યુત્તરો. વર્ષોથી એનું શ્રવણપાન કરવા છતાં દર વર્ષે માનવમેદની કેમ ઊભરાતી જાય છે!

પૂ. ગુરુદેવ માત્ર પ્રશ્નો અને એના ઉત્તર આપીને જ ન અટક્યા પણ એ ઉત્તરોને જીવનમાં કેમ ઉતારવા એ અંગે સુંદર વિવેચન કર્યું. સમયની મર્યાદા હોવા છતાં પૂ. ગુરુદેવે અઢી વાગ્યાથી સાડાપાંચ સુધી એકધારું પ્રવચન આપ્યું. પ્રભુની વાણીને જીવંત કરી, એકત્વ ભાવના સમજાવતાં સહુને વિચારવંત કરી મૂકયા. ‘હું એકલો છું મારું દુનિયામાં કોઈ નથી.’ પ્રવચન પૂરું થયું, પ્રસન્નતાનું વાતાવરણ છવાયું. આત્માની ભૂખ આગળ શારીરિક અગવડતા ગૌણ બની ગઇ.

ભવોભવ જન્મમરણના ફેરામાં અટવાયેલ આત્માનો થાક તો અસહ્ય છે જેને પ્રભુની આ વાણી સાંભળવા મળે તેનો જ થાક ઊતરે.

સોમવાર તા. ૧૫-૯-૬૯ શ્રીમતી નિર્મળાબહેન શાંતિલાલ ઝાટકીયાએ ઉચ્ચ ઘીની બોલીથી, એમના સ્વજનો સાથે પૂ. ગુરુદેવને બારસો સૂત્ર વહોરાવ્યું અને વાચન શરૂ થયું.

પૂ. ગુરુદેવે સમજાવ્યું: “બીજી ગાંઠો તો ખૂલે પણ મનની ગાંઠો ખૂલવી બહુ આકરી છે. મનની ગાંઠ ન છૂટે તો બારસો સાંભળેલું શું કામનું? જે હૃદય ગાંઠોથી ભારે થયું છે તેને હવે હળવું નહિ કરો તો કયારે કરશો? કુદરત માટે સફેદ ઝંડી (ચોટલી) ફરકાવે છતાં માનવી એના મનની ગાંઠો નહિ ખોલે? વર્ષોથી બારસોનું શ્રવણ કરતા આવ્યા છો, ઘણાને તો હવે મોઢે પણ થઈ ગયું હશે. પણ શ્રવણ માત્ર કાન માટે જ નથી, પણ અંતર માટે છે.

તપસ્વીઓનાં તપ શાંતિપૂર્વક પૂરા થયાં, પર્વના દિવસોમાં કરેલી આરાધના નિર્વિઘ્ને પૂર્ણ થઈ; દાનવીરોએ દાન કરી પરિગ્રહનો ભાર ઓછો કર્યો અને ક્ષમાપનાના દિવસે ક્ષમાની આપ-લે કરીને હૈયાં હળવાં કર્યાં.

તા. ૨૧-૯-૬૯ રવિવારે કોટ શાંતિનાથ જૈન ઉપાશ્રયથી તપસ્વીઓનું બહુમાન કરતો સુંદર વરઘોડો નીકળ્યો. તપસ્વીઓનાં મુખ ઉપર આત્મશુદ્ધિનો પ્રભાવ હતો, (તેજ હતું) અને વરઘોડામાં ચાલનાર ભાવિકજનોનાં મનમાં તપસ્વીઓએ કરેલા તપની અનુમોદના હતી. “જે હું ન કરી શકયો તે આ જીવો કરી શકયા. એમનું આત્મબળ કેવું અલૌકિક છે, ધન્ય છે, એ આત્માઓ, હજારો વંદન છે મારા એમને.’ એવા ભાવ અનેકના અંતરમાં હતા.

વરઘોડા બાદ સ્વામિવાત્સલ્યમાં હજારોએ આવીને લાભ લીધો અને કોટ શાંતિનાથ જૈન સંઘે સાધર્મિકની ભકિત કરી ધન્યતા અનુભવી.

મુદ્રક, પ્રકાશક અને માનદ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે ‘કવીન્સ વ્યૂ’ ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઇ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.